Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 124, June, 2023
Paper ID: RRJ384265
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-124-june-2023/RRJ384265

# Attitudes Towards Online Education of Primary School Teachers

ડૉ. વિનિત સિંઘાનિયા ( સીઆરસી કૉ- ઓર્ડીનેટર-વલાણા)
તા. વિરમગામ, જિ. અમદાવાદ

## સંશોધન સારાંશ

ઓનલાઇન શિક્ષણનો અનુભવ કહે છે કે, થિયરીને લગતા ક્લાસીસ ઓનલાઇન લેવામાં ખાસ કંઈ તકલીફ નથી પડતી પરંતુ વિદ્યાર્થીઓનું ત્યાં ધ્યાન કેન્દ્રિત કરી રાખવામાં જરૂરથી ખૂબ મોટી સમસ્યા થતી હોય છે. વર્ષો સુધી ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓ સામે ઊભા રહી, લેકચરો આપી અને ભણાવવા ટેવાયેલા શિક્ષકોને અચાનકથી એક પરફોર્મરની માફક વિદ્યાર્થીઓનું ધ્યાન જકડી રાખી અને ભણાવવામાં ખૂબ તકલીફ પડતી હોય છે. અને જ્યારે ઑનલાઇન શિક્ષણ વખતે બ્રાઉઝરના ટેબમાં અન્ય ખૂબ આકર્ષક એવી વિડિયો, ઓડિયો કે ટેક્સ્ટ જાહેરાતો વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચતી હોય ત્યારે શિક્ષકના ઑનલાઇન 'બોરિંગ' લેક્ચરો કરતા રંગબેરંગી મનોરંજક પિક્ચરો હંમેશાં વધુ જોવાતા હોય છે.

આવી પરિસ્થિતિમાં ખૂબ જરૂરી છે કે સરકાર, અધિકારીઓ, શિક્ષણ સંસ્થાના સંચાલકો શિક્ષકો, અને મા-બાપ એમ સહુ કોઇ ગમે તે ભોગે અભ્યાસક્રમ પૂરો કરી પરીક્ષા આપી અને શૈક્ષણિક વર્ષથી છૂટવાની વિચારધારાનો અંત આણે. શિક્ષકો સાથે સંપર્કના તથા ભણવાના કલાકો પણ વધવા જરૂરી છે. લગભગ લોકડાઉન જેવી જ ચિંતાજનક પરિસ્થિતિમાં જીવવાની સાથે સાથે અને માનસિક સમસ્યાઓ અને હતાશાઓ પણ વિદ્યાર્થીઓને ઘેરી વળે છે. આ પરિસ્થિતિમાં, તમામ વિદ્યાર્થીઓ માટે થોડા મહિનાના બ્રિજ કોર્સ કે વધારાનાં સત્ર હવે યોજવા માટે વિચારણા થવી જોઈએ. જો દેશભરમાં સાર્વત્રિક રીતે પ્રાથમિક શાળાઓથી લઈ કોલેજોમાં એક સત્ર વધારે ભણાવવામાં આવે તો કરોડો વિદ્યાર્થીઓને જે શીખવાથી વંચિત રહ્યા છે તે શીખવાનો એક વધારાનો મોકો મળી શકે, અન્યથા ભવિષ્યમાં એક એવી પેઢી ઊભી કરીશું કે જે જીવનમાં હંમેશા આ લોકડાઉનનું 'ઑનલાઇન શિક્ષણ'નો અફસોસ કરતા જોવા મળશે

- **સમસ્યા કથન**

**પ્રાથમિક શાળાના શિક્ષકોના ઑનલાઇન શિક્ષણ પ્રત્યેનાં મનોવલણો**

**(Attitudes Towards Online Education of Primary School Teachers)** પ્રસ્તુત સંશોધનમાં વિરમગામ તાલુકાની પ્રાથમિક શિક્ષકોના ઑનલાઇન શિક્ષણ પ્રત્યેના મનોવલણોનો અભ્યાસ કર્યો હતો.

- **ચાવીરૂપ શબ્દોની વ્યાખ્યા**

**ઑનલાઇન શિક્ષણ** એટલે પ્રત્યક્ષ શિક્ષણના બદલે ટેકનોલોજીના વિવિધ માધ્યમો દ્વારા અપ્રત્યક્ષ રીતે આપવામાં આવતું શિક્ષણ.
કોઈપણ બાબત પ્રત્યે સહમતી કે અસહમતી દર્શાવતા મનના પ્રતિભાવોને વલણ કહી શકાય.

**"મનોવલણ એ એવી માનસિક અને ચેતાકીય અવસ્થા છે કે જેની અસર જુદીજુદી વસ્તુઓ અને પરિસ્થિઓ પ્રત્યેની પ્રતિક્રિયાઓમાં જોવા મળે છે." - ઓલ પોર્ટ**

- **સંશોધનના હેતુઓ**

1. પ્રાથમિક શિક્ષકોના ઑનલાઇન શિક્ષણ પ્રત્યેના મનોવલણો જાણવા.

- **સંશોધન અભ્યાસના પ્રશ્નો**

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol. 9, Issue: 124, June, 2023
Paper ID: RRJ384265
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-124-june-2023/RRJ384265

1. પ્રાથમિક શિક્ષકોના ઑનલાઇન શિક્ષણ પ્રત્યેના મનોવલણો કેવા હશે?

- **સંશોધનનો પ્રકાર અને પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન નિદર્શ સર્વેક્ષણ પ્રકારનું હતું અને વર્ણનાત્મક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- **સંશોધન ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધન અભ્યાસપ્રાથમિક શિક્ષકોનાઑનલાઇન શિક્ષણપ્રત્યેના મનોવલણો જાણવા માટે હાથ ધરવામાં આવ્યું છે. જેથી પ્રાથમિક શિક્ષકોનીઑનલાઇન શિક્ષણવિષય પ્રત્યેની રૂચિ જાણી તેનો અભ્યાસ કરી શકાય. તેથી પ્રસ્તુત સંશોધન એ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રને સ્પર્શે છે તેમ કહેવાય.

- **અભ્યાસનું મહત્વ**

વર્તમાન સમયે કોરોનાની વૈશ્વિક મહામારીના સંકટમા ઑનલાઈન શિક્ષણ પદ્ધતિ દ્વારા પ્રાથમિક શાળાઓમાં શિક્ષણકાર્ય ચાલુ છે. સંશોધક ઑનલાઈન શિક્ષણ પદ્ધતિ પ્રત્યે પ્રાથમિક શાળાના શિક્ષકોના મનોવલણો જાણવા પ્રસ્તુત સંશોધન હાથ ધરેલ છે. જેના તારણો મેળવી ઑનલાઈન શિક્ષણ પદ્ધતિ અંગે જરૂરી માર્ગદર્શન મળી રહેશે. જેના અનુસંધાને ઑનલાઈન શિક્ષણ પદ્ધતિમાં જરૂર જણાય ત્યાં સુધારા વધારા કરવામાં આ સંશોધન ખુબ ઉપયોગી બનશે.

- **અભ્યાસની મર્યાદાઓ**
  - પ્રસ્તુત સંશોધન અભ્યાસ એ વિરમગામ તાલુકાના પ્રાથમિક શાળાઓ પુરતું મર્યાદીત હતું.
  - પ્રસ્તુત સંશોધન અભ્યાસ માત્ર વિરમગામ તાલુકાના પ્રાથમિક શિક્ષકો પૂરતું મર્યાદીત હતું.
  - પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સ્વરચિત વલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

- **વ્યાપવિશ્વ અને નિદર્શ**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં વિરમગામ તાલુકાના પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

નિદર્શ પસંદગીની માહિતી સારણી-1 માં રજુ કરવામાં આવી છે.

**સારણી –1**

**નિદર્શનાં પાત્રોની એકંદર વિગત (ટકાવારીમાં)**

| ક્રમ | નિદર્શનાં પાત્રો | સંશોધન ઉપકરણ | | નિદર્શની ટકાવારી |
|---|---|---|---|---|
| | | વ્યાપવિશ્વ | નમૂનો | |
| 1 | 1 થી 5 ના શિક્ષકો | 389 | 37 | 9. 51 |
| 2 | 6 થી 8 ના શિક્ષકો | 257 | 61 | 23. 74 |
| 3 | મુખ્ય શિક્ષક/ એચટાટ | 96 | 10 | 10. 42 |
| | **કુલ** | **742** | **108** | **14. 56** |

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 124, June, 2023
Paper ID: RRJ384265
https://www.researchreviewonline.com


Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-124-june-2023/RRJ384265

સારણી-2 નિદર્શમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની માહિતી

**સારણી: 2**

**નિદર્શમાં સમાવિષ્ટપ્રાથમિક શિક્ષકોની માહિતી**

| ક્રમ | તાલુકો | વાલીની સંખ્યા |
|---|---|---|
| 1 | 1 થી 5 ના શિક્ષકો | 37 |
| 2 | 6 થી 8 ના શિક્ષકો | 61 |
| 3 | મુખ્ય શિક્ષકો/એચટાટ | 10 |
| | **કુલ** | **108** |




**આકૃતિ: 1 નિદર્શમાં સમાવિષ્ટપ્રાથમિક શિક્ષકોની માહિતી**


**સારણી:** 3 માં નિદર્શમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની જાતિ મુજબ માહિતી દર્શાવવામાં આવી છે.

**સારણી: 3**

**પ્રાથમિક શિક્ષકોની જાતિ મુજબની માહિતી**

| ક્રમ | જાતિ | સંખ્યા |
|---|---|---|
| 1 | પુરૂષ | 61 |
| 2 | સ્ત્રી | 47 |
| | **કુલ** | **108** |

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol. 9, Issue: 124, June, 2023
Paper ID: RRJ384265
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-124-june-2023/RRJ384265





**આકૃતિ: 2 નિદર્શમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની જાતિ મુજબ માહિતી**

**સારણી:** 4માં પ્રાથમિક શિક્ષકોની જ્ઞાતિ મુજબ માહિતીનુ વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

**સારણી: 4**

**જ્ઞાતિ મુજબ પ્રાથમિક શિક્ષકોની માહિતી**

| ક્રમ | કેટેગરી | સંખ્યા |
|---|---|---|
| 1 | એસ. ટી. | 2 |
| 2 | એસ. સી. | 39 |
| 3 | ઓ. બી. સી. | 33 |
| 4 | અન્ય | 34 |
| | **કુલ** | **108** |




**આકૃતિ: 3 નિદર્શમાં સમાવિષ્ટ પ્રાથમિક શિક્ષકોની જ્ઞાતિ મુજબ માહિતી**

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 124, June, 2023
Paper ID: RRJ384265
https://www.researchreviewonline.com


Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-124-june-2023/RRJ384265

**સારણી**–5 માં પ્રાથમિક શિક્ષકોની હોદ્દામુજબ માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

**સારણી: 5**

**હોદ્દા મુજબ પ્રાથમિક શિક્ષકોની માહિતી**

| ક્રમ | કેટેગરી | સંખ્યા |
|---|---|---|
| 1 | 1 થી 5 ના શિક્ષકો | 37 |
| 2 | 6 થી 8 ના શિક્ષકો | 61 |
| 3 | મુખ્ય શિક્ષકો/ એચટાટ | 10 |
| | **કુલ** | **108** |




**આકૃતિ: 4 પ્રાથમિક શિક્ષકોની હોદ્દાની માહિતી**


**સારણી**–6 માં પ્રાથમિક શિક્ષકોની વ્યાવસાયિક લાયકાતમુજબ માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

**સારણી: 6**

**વ્યવસાયિક લાયકાત મુજબ પ્રાથમિક શિક્ષકોની માહિતી**

| ક્રમ | કેટેગરી | સંખ્યા |
|---|---|---|
| 1 | પી. ટી. સી | 45 |
| 2 | બી. એડ | 39 |
| 3 | અન્ય ઉચ્ચ શિક્ષણ. | 19 |
| 4 | અન્ય | 5 |
| | **કુલ** | **108** |

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 9, Issue: 124, June, 2023
Paper ID: RRJ384265
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-124-june-2023/RRJ384265





**આકૃતિ: 5 પ્રાથમિક શિક્ષકોની વ્યાવસાયિક લાયકાતની માહિતી**

**સારણી**–7 માં પ્રાથમિક શિક્ષકોની અનુભવ મુજબ માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

**સારણી–7**

**અનુભવ મુજબ પ્રાથમિક શિક્ષકોની માહિતી**

| ક્રમ | કેટેગરી | સંખ્યા |
|---|---|---|
| 1 | 1 થી 10 વર્ષ | 26 |
| 2 | 11 થી 20 વર્ષ | 47 |
| 3 | 20 વર્ષથી વધુ | 35 |
| | **કુલ** | **108** |




**આકૃતિ: 6 પ્રાથમિક શિક્ષકોની અનુભવની માહિતી**

- **માહિતી એકત્રીકરણની રીત**

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 124, June, 2023
Paper ID: RRJ384265
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-124-june-2023/RRJ384265

સંશોધકે મનોવલણ માપદંડ માટે તમામ પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકો/એચટાટ પાસેથી Google form દ્વારા માહિતી એકત્રીકરણ કરી હતી.

- **માહિતી વર્ગીકરણની રીત**

સંશોધકે પ્રાથમિક શાળાના શિક્ષકોની ઑનલાઇન શિક્ષણ પ્રત્યેના મનોવલણો સંદર્ભે મળેલા તમામ પ્રદત્ત પર સંશોધનોને અનુરૂપ વિવિધ આંકડાશાસ્ત્રીય ગણતરીઓ કરી હતી. જેમાં મનોવલણ માપદંડમાં મળેલા અભિપ્રાયોને સૌપ્રથમ આંકડામાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતાં. ત્યાર બાદ તમામ પાત્રો મુજબ ટકાવારી શોધવામાં આવીહતી. અહીં સંશોધકે MS-Office Excel 2007 નો ઉપયોગ કરીને તમામ આંકડાકીય ગણતરીઓ કરી હતી.

- **સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધન દ્વારા માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનનાં અંતે ખુબ જ ઉપયોગી અને રસપ્રદ નીચે મુજબના તારણો મળી આવ્યા હતાં.

- ઑનલાઈન શિક્ષણ દ્વારા શિક્ષણકાર્ય રસપ્રદ બનતું નથી.
- ઑનલાઇન શિક્ષણ દ્વારા બાળકોના વિવિધ કૌશલ્યો વિકસાવી શકાતા નથી.
- ઑનલાઇન શિક્ષણથી બાળકોમાં સર્જનાત્મકતાનો વિકાસ શક્ય બનતો નથી.
- અન્ય પદ્ધતિની સરખામણીમાં ઑનલાઇન શિક્ષણ પદ્ધતિ વધુ ખર્ચાળ છે.
- ઑનલાઇન શિક્ષણ સાથે બાળકો અન્ય બાબતો વધુ જોવે છે.
- ઑનલાઇન શિક્ષણકાર્ય માટે દરેક શિક્ષક ટેકનોલોજીનો જાણકાર હોતો નથી.
- ઑનલાઇન શિક્ષણમાં કંટાળો અનુભવાય છે.
- ઑનલાઇન શિક્ષણ શિખવવા માટેની યોગ્ય તાલીમ લીધેલી નથી.
- ઑનલાઇન શિક્ષણ શિખવવા તાલીમ લેવી જરૂરી છે.
- ભવિષ્યનું શિક્ષણ એ ઑનલાઇન આધારીત હશે નહિ.
- ઑનલાઇન શિક્ષણ દ્વારા વર્તમાન ટેકનોલોજીકલ જ્ઞાનમાં વધારો થયો છે.
- ઑનલાઇન શિક્ષણ પદ્ધતિમાં પરીક્ષાની ગુપ્તતા જળવાતી નથી.
- કોરોના મહામારીના વર્તમાન સમયે ઑનલાઇન શિક્ષણ પદ્ધતિ ખુબ ફાયદાકારક નીવડી છે.
- ઑનલાઇન શિક્ષણ દ્વારા વધુ ચોક્કસાઇ પૂર્વકનું કાર્ય કરી શકાતું નથી.
- ઑનલાઇન શિક્ષણના કારણે વિદ્યાર્થીઓની સ્વ- અભિવ્યક્તિ રૂંધાઇ છે.
- ઑનલાઇન શિક્ષણ માટે શાળામાં વિવિધ ટેકનોલોજીનો અભાવ જોવા મળે છે.
- દિવ્યાંગ બાળકો માટે આ પદ્ધતિ યોગ્ય નથી.
- ઑનલાઇન શિક્ષણ માટે શાળામાં નેટવર્કના પ્રશ્નો બહુ રહે છે.
- બાળકોને ઇતર પ્રવૃતિઓમાં સહભાગી બનાવી શકાતા નથી.
- આ પદ્ધતિ દ્વારા પરીક્ષાની તમામ કામગીરી યોગ્ય રીતે થતી નથી
- આ પદ્ધતિમાં નિયત સમયમાં અભ્યાસક્રમ પૂર્ણ થતો નથી.
- ઑનલાઇન શિક્ષણ દ્વારા એકવાર શિખવાડેલ વિષયવસ્તુને રેકોર્ડ કરી તેનો વારંવાર ઉપયોગ કરી સમય બચાવી શકાય છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 124, June, 2023
Paper ID: RRJ384265
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-124-june-2023/RRJ384265

- ઑનલાઇન શિક્ષણ ઝડપથી અનેક વિદ્યાર્થીઓ સુધી પહોચાડી શકાય છે.
- ઑનલાઇન શિક્ષણ દ્વારા બાળકોને વિવિધ મૂલ્યો શિખવી શકાતા નથી.
- સતત ઑનલાઇન શિક્ષણથી મગજ પર વિપરીત અસર થાય છે.
- ઑનલાઇન શિક્ષણથી શારીરિક નુકશાન થાય છે.
- ધોરણ 1 થી 5 ના બાળકો માટે આ પદ્ધતિ યોગ્ય નથી.
- ધોરણ 6 થી 8 ના બાળકો માટે આ પદ્ધતિ યોગ્ય છે કે નહિ તે બાબતે પ્રાથમિક શિક્ષકોમાં મતભેદ જોવા મળ્યો હતો.
- આ પદ્ધતિમાં તમામ બાળકોને ન્યાય આપી શકાતો નથી.

- **શૈક્ષણીક ફલિતાર્થો**

સંશોધકને સંશોધન દ્વારા મળેલા તારણો પરથી નીપજતા કેટલાક મહત્વપૂર્ણ શૈક્ષણીક ફલિતાર્થો હવે પછી રજૂ કરવામાં આવ્યા છે.

- ઑનલાઈન શિક્ષણ દ્વારા શિક્ષણકાર્ય રસપ્રદ બનતું નથી. આ તારણ સંદર્ભે સંશોધકને એવો શૈક્ષણિક ફલિતાર્થ તારવવાનું યોગ્ય જણાય છે કે, ઑનલાઈન શિક્ષણનો પ્રાથમિક શાળાઓમાં બહુ વધુ ઉપયોગ કરવો જોઇએ નહિ પરંતુ અનિવાર્ય જણાય ત્યારે વિવિધ સાધનો, પ્રોજેક્ટો, પીપીટી અને આયામોને ઉપયોગમાં લઇને ઑનલાઈન શિક્ષણ દ્વારા શિક્ષણકાર્ય રસપ્રદ બને તેવા પ્રયત્નો કરવા જોઇએ.
- અન્ય પદ્ધતિની સરખામણીમાં ઑનલાઇન શિક્ષણ પદ્ધતિ વધુ ખર્ચાળ છે. આ તારણ સંદર્ભે સંશોધક એવો શૈક્ષણિક ફલિતાર્થ સૂચવે છે કે, સરકારશ્રી એ ઑનલાઇન શિક્ષણ પદ્ધતિના અમલવારી કરાવવાના સમયે અલગથી શાળાઓને ગ્રાન્ટ અને વિવિધ ટેકનોલોજીના સાધનો ફાળવવા જોઇએ.
- ઑનલાઇન શિક્ષણ સાથે બાળકો અન્ય બાબતો વધુ જોવે છે. આ તારણ સંદર્ભે સંશોધક એવો શૈક્ષણિક ફલિતાર્થ સૂચવે છે કે, જો સરકારશ્રી દ્વારા પ્રાથમિક શાળાના બાળકો માટે સરળતાથી ઉપયોગ કરી શકે તેવા ટેબલેટ વિકસાવે જેમાં ફક્ત અભ્યાસક્રમને લગતી તમામ દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક બાબતો આપવામાં આવેલી હોય.
- ઑનલાઇન શિક્ષણકાર્ય માટે દરેક શિક્ષક ટેકનોલોજીનો જાણકાર હોતો નથી. ઑનલાઇન શિક્ષણમાં કંટાળો અનુભવાય છે. ઓનલાઇન શિક્ષણ શિખવવા માટેની યોગ્ય તાલીમ લીધેલી નથી. ઑનલાઇન શિક્ષણ શિખવવા તાલીમ લેવી જરૂરી છે. આ તારણોના સંદર્ભે સંશોધક એવો શૈક્ષણિક ફલિતાર્થ સૂચવે છે કે, દરેક પ્રાથમિક શિક્ષકને ઑનલાઇન શિક્ષણ અંગે વિવિધ ટેકનોલોજીની પૂરતી તાલીમ આપવી જોઇએ અને પછી ઑનલાઇન શિક્ષણની કામગીરી સોંપવી જોઇએ.
- આ પદ્ધતિ દ્વારા પરીક્ષાની તમામ કામગીરી યોગ્ય રીતે થતી નથી. આ તારણ સંદર્ભે સંશોધક એવો શૈક્ષણિક ફલિતાર્થ સૂચવે છે કે, એકમ કસોટી, સામાયિક મૂલ્યાંકન કસોટી, સત્રાંતકસોટી કે વાર્ષિક મૂલ્યાંકન કસોટી અને જવાબો પરીક્ષાના સમય પહેલા 'You tube કે અન્ય Chanel' માં પ્રકાશિત થઈ જાય છે તેને અટકાવવા જોઇએ.
- ઑનલાઇન શિક્ષણ માટે શાળામાં વિવિધ ટેકનોલોજીનો અભાવ જોવા મળે છે. ઑનલાઇન શિક્ષણ માટે શાળામાં નેટવર્કના પ્રશ્નો બહુ રહે છે. વિવિધ સાધનોની મદદ વગર ઓનલાઇન શિક્ષણકાર્ય કરવું મુશ્કેલ બને છે. આ તારણોના સંદર્ભે સંશોધક એવો શૈક્ષણિક ફલિતાર્થ સૂચવે છે કે, ઑનલાઇન શિક્ષણ પદ્ધતિ જ વિવિધ ટેકનોલોજીના સાધનો પર આધારીત હોય પહેલા તે શિક્ષણ વિભાગ તેમજ સરકારશ્રી દ્વારા તમામ સાધનો અને જરૂરી સેવાઓ શાળાઓ સુધી પ્રાપ્ય કરાવવી જોઇએ.
- સતત ઑનલાઇન શિક્ષણથી મગજ પર વિપરીત અસર થાય છે. ઑનલાઇન શિક્ષણથી શારીરિક નુકશાન થાય છે. આ પદ્ધતિમાં તમામ બાળકોને ન્યાય આપી શકાતો નથી. આ તારણોના સંદર્ભે સંશોધક એવો શૈક્ષણિક ફલિતાર્થ સૂચવે છે કે, સતત

ઑનલાઇન શિક્ષણને બદલે પ્રત્યક્ષ શિક્ષણ વધું આપવુ જોઇએ સાથે સાથે અભ્યાસક્રમના અમુક એકમો કે વિષયવસ્તુ ને જ આ ઑનલાઇન પદ્ધતિ દ્વારા શીખવવા જોઇએ.

## સંદર્ભસૂચિ


- આચાર્ય, મોહિની. (2008)***શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ).*** અમદાવાદ: અક્ષર પ્રકાશન.
- ઉચાટ, દિનેશચંદ્ર. એ. (2012). ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (સંવર્ધિત દ્વિતીય આવૃત્તિ).*** રાજકોટ: પારસ પ્રકાશન.
- ઉચાટ, દિનેશચંદ્ર. એ. અને અન્યો. (1998). ***સંશોધન અહેવાલનું લેખન કેવી રીતેકરશો (બીજી આવૃતિ).*** રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ગુજરાત વિદ્યાપીઠ. (1949). ***સાર્થ જોડણીકોશ (આવૃતિ-4).*** અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.
- ડ્યુઇ, જહોન. (2010). ***કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ (પ્રથમઆવૃત્તિ).*** અમદાવાદ: નિરવ પ્રકાશન.
- પટેલ, આર. એસ. (2017). ***સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ચોથી આવૃત્તિ).*** અમદાવાદ: જયપબ્લિકેશન્સ.
- પારેખ, ડૉ. ભગવાનલાલ અને ત્રિવેદી, ડૉ. મનુભાઈ. (2010). ***શિક્ષણમાં આંકડાશાસ્ત્ર.*** અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- ભારત સરકાર. (1950). ***ભારતીય બંધારણ.*** નવી દિલ્હી: ભારત સરકાર.
- રાવલ, નટુભાઇ વી. (2011). ***કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ.*** અમદાવાદ: નીરવ પ્રકાશન.
- શાહ, અરવિંદ. એસ. (2008). ***મનોવિજ્ઞાનની સંશોધન પદ્ધતિઓ.*** અમદાવાદ: ડિવાઇન પબ્લીકેશન.
- શાહ, એન. જી. અને દવે, જે. કે. (2009). ***સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ.*** અમદાવાદ: અનડા બુક ડીપો.
- શુક્લ, સતીશપ્રકાશ. એસ. (2014). ***સંશોધન એક પરિચય (પ્રથમ આવૃત્તિ).*** અમદાવાદ: ક્ષિતિ પબ્લિકેશન્સ.
- શુક્લ, સતીશપ્રકાશ. એસ. (2017). ***સંશોધન પદ્ધતિ પાથેય (બીજી આવૃત્તિ).*** અમદાવાદ: ક્ષિતિ પબ્લિકેશન્સ.

**Website:**

- www. inflibnet. com
- www. shodhganga. com
- www. ncert. org
- www. gcert. org